**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૨૬૭૯ /૨૦૨૬</u>**
**<u>દાખલ થયા તારીખ– ૩૦/૦૪ /૨૦૨૬</u>**
**<u>ફેંસલ થયા તારીખ– ૦૪/૦૮ /૨૦૨૬</u>**
**<u>જજમેન્ટ</u>**

**<u>આંક–</u>**

1. હાલની અરજી અરજદાર દ્રારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૧૦૦ મુજબ દાખલ કરેલ છે. જેમાં ટુંકમાં હકીકત જણાવેલ છે કે અરજદારની સાથે સામાવાળાની બહેન સાથે લાગણી અને પ્રેમ હોય સેવા કરાર કરીને સાથે રહેતા હતા જેથી મધુબેન હીરજીભાઇ બાંભવા સામાવાળાઓએ તેમના કબજામાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ હોઈ કબજો આપવા માટે હુકમ કરવા રજૂઆત કરેલ છે.
2. હાલની અરજી દાખલ થયા બાદ અરજી સુનાવણી માટે રાખવામાં આવેલ હતી. જેમાં અરજી મુજબની દલીલ કરેલ છે. તેમજ બી.એન.એસ.એસ.ની કલમ– ૧૦૦ મુજબની જોગવાઈ લાગુ પડતી હોય જેથી વોરંટ ઇસ્યુ કરવા રજૂઆત કરેલ છે.
3. હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષ સંહિતાની કલમ –૧૦૦ મુજબ કબજો લેવા માટે કરેલ છે જેથી સૌ પ્રથમ કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે. જે નીચે મુજબ છે.

**<u>SEC.100. Search for persons wrongfully confined.</u>**

**<u>If any District Magistrate, Sub-divisional Magistrate or Magistrate of the first class has reason to believe that any person is confined under such circumstances that the confinement amounts to an offence, he may issue a search-warrant, and the person to whom such warrant is directed may search for the person so confined; and such search shall be made in accordance therewith, and the person, if found, shall be immediately taken before a Magistrate, who shall make such order as in the</u>**

**circumstances of the case seems proper.**

આમ આ કલમની જોગવાઈ મુજબ કોઈ વ્યકિતએ એવા સંજોગોમાં અટકાયતમાં રાખવામાં આવેલ છે કે, તે અટકાયતનો ગુનો બને છે તો તે ઝડતી વોરંટ કાઢી શકેશે અને તે વ્યકિત મળી આવે તો તેને તરત કોઈ મેજીસ્ટ્રેટ સમક્ષ લઈ જવી જોઈએ અને તે મેજીસ્ટ્રેટ ઉચિત જણાય તેવો હુકમ કરી શકશે. આમ આ કલમની જોગવાઈ માં જે વ્યકિતને અટકાયતમાં રાખવામાં આવેલ હોય તેવા કિસ્સામાં જ લાગુ પડે છે. હાલના કામે મધુબેન જેનો કબજો લેવા માટેની અરજી કરેલ છે. તે સામાવાળાના બહેન છે. જે કાયદેસરના વાલી છે. તેમજ અરજદાર અને મધુબેન વચ્ચે રહેવા માટે સેવા કરાર (સમજુતી કરાર) કરવામાં આવેલ છે. જે નિ.૨ થી રજૂ રાખવામાં આવેલ છે. જે કરારમાં લીવ ઈન રીલેશનશીપથી રહેવાનું નકકી કરેલ છે. તેમજ મધુબેનનું આધાર કાર્ડ તથા જનમપ્રમાણપત્ર રજૂ કરેલ છે. જેમાં તેમની જન્મ તારીખ યોગ્ય વંચાતી નથી. તેમજ સમજુતી કરારમાં મધુબેનની ઉમર ૨૬ કરાર માં લખેલ છે. જયારે અરજદારની ઉંમર ૧૯ લખેલ છે. આમ ૧૯ વર્ષની ઉંમર વાળા વય્કિત લીવ ઈન રીલેશનશીપનો કરાર કરી શકે નહી. તેમજ સદર કરારમાં અરજદારની ઉંમર લગ્ન કરવા જેટલી થઇ જશે પછી લગ્ન કરી લઈશું તેવી હકીકત જણાવેલ છે. આમ લગ્ન કરવા માટે જ હાલનો લીવ ઈન રીલેશનશીપનો કરાર કરેલ છે. વધુમાં મધુબેન સાથે કોઇ કાયદાકીય રીલેશનશીપ જણાય આવતું નથી. જેથી સામાવાળાને નોટીસ ઇસ્યુ પણ કરવી જરુરી જણાય આવતી નથી. આમ કોઇ પણ વ્યકિત કોઇનો પણ કબજો માંગી શકે નહી. કોઇ પણ કબજો લેવા માટે તેનો સંબંધ શું છે તે જણાવવું જોઇએ. આમ હાલના કેસમાં અરજદાર અને મધુબેન વચ્ચે લીવ ઈન રીલેશનશીપનો કરાર હોવાથી કોઈ કાનુની કબજો ઉત્પન્ન થતો નથી. જેથી બી.એન.એસ.એસ.ની કલમ–૧ ૦૦ લાગુ પાડી શકાય નહી.

4. આમ હાલની અરજી માં નોટીસ ઇસ્યુ કરવી ન્યાયોચિત જણાય આવતી ના હોય નીચે મુજબનો મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

- **હાલની અરજદારની બી.એન.એસ.એસ.ની કલમ– ૧૦૦ મુજબની અરજી કાયદા માં પડતી ના હોય ના મંજૂર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ તા. ૦૪ મી , માહે: ઓગષ્ટ , સને :૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૮/૨૦૨૬
સ્થળ:રાજકોટ.

**(કમલેશકુમાર આર. ગાગનાણી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(મ્યુની.)
જજ કોડ:જીજે૦૧૬૮૭